**વડોદરાના હેરિટેજ વારસાને નવું જીવન આપવાની મથામણ શરૂ**

# મ્યુનિસિપલ કમિશનર દ્વારા ન્યાયમંદિરનું નિરીક્ષણ કરાયું



(પ્રતિનિધિ) વડોદરા, તા.10

વડોદરા શહેરની ઓળખ સમાન અને મહારાજા સયાજીરાવ ગાયકવાડના સમયની સ્થાપત્યકલાનો અદભૂત નમૂનો ગણાતી 'ન્યાયમંદિર' હેરિટેજ બિલ્ડિંગના નસીબ હવે ખૂલવા જઈ રહ્યા હોય તેમ જણાય છે. વડોદરા મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુએ આજે સવારે આ ઐતિહાસિક ઈમારતની પ્રત્યક્ષ મુલાકાત લઈને તંત્રમાં દોડધામ મચાવી દીધી હતી.

વર્ષો જૂની આ ઈમારતની ભવ્યતાને પુનઃ સ્થાપિત કરવા માટે પાલિકા હવે એક્શન મોડમાં આવી હોય તેવું ચિત્ર સ્પષ્ટ થયું છે. ન્યાયમંદિર વર્ષો સુધી ન્યાયિક પ્રક્રિયાનું કેન્દ્ર રહ્યું છે, પરંતુ કોર્ટ અન્યત્ર ખસેડાયા બાદ આ બિલ્ડિંગ ખાલી હતી. તેની જાળવણીના અભાવે અનેક પ્રશ્નો ઉઠતા રહ્યા છે. આજે મ્યુનિસિપલ કમિશનરે બિલ્ડિંગના ખૂણે-ખૂણાની મુલાકાત લીધી હતી. કમિશનરે ખાસ કરીને ઈમારતની છત, ગુંબજ, લાકડાનું કોતરણીકામ અને પથ્થરોની સ્થિતિનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું. મુલાકાત દરમિયાન કમિશનરે હાજર રહેલા ઈજનેરો અને હેરિટેજ વિભાગના અધિકારીઓ સાથે લાંબી ચર્ચા કરી હતી. તેમણે સૂચન કર્યું હતું કે, બિલ્ડિંગના મૂળભૂત આર્કિટેક્ચર સાથે કોઈ છેડછાડ કર્યા વગર તેનું મજબૂતીકરણ કરવું. જૂના જમાનાની બાંધકામ સામગ્રી અને આધુનિક ટેકનોલોજીનો સમન્વય કરી રીસ્ટોરેશન કાર્ય કરવું. ન્યાયમંદિરને પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનાવવા માટે ત્યાં કેવા પ્રકારની સગવડો ઉભી કરી શકાય તે બાબતે અધિકારીઓ પાસે અભિપ્રાય માંગ્યા હતા. વડોદરા શહેર હેરિટેજની દ્રષ્ટિએ સમૃદ્ધ છે, ત્યારે ન્યાયમંદિરને સિટી મ્યુઝિયમ, લાઈબ્રેરી અથવા કલ્ચરલ સેન્ટર તરીકે વિકસાવવા માટેની અનેક દરખાસ્તો વિચારણા હેઠળ છે.

**મહિલાએ બૂમાબૂમ કરતા પરિવાર દોડી આવ્યો**

# બાથરૂમમાં સ્નાન કરતી મહિલાનો એક શખ્સે છુપાઈને મોબાઈલમાં વીડિયો ઉતાર્યો

### પોલીસ ફરિયાદ કરવા સાથે મહિલાએ આરોપીનો મોબાઈલ પોલીસને સોંપ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.10

વડોદરા શહેરના એક વિસ્તારમાં રહેતી એક મહિલા બાથરૂમમાં નાહિ રહી હતી. ત્યારે બાજુમાં કડિયા કામ કરવા માટે આવેલા શખ્સ છુપાઈને નાહી રહેલી મહિલા વીડિયો મોબાઈલમાં ઉતારવા લાગ્યો હતો. દરમીયાન મહિલાએ બૂમાબૂમ કરતા આ શખ્સ મોબાઈલ ફેકી ફરાર થઈ ગયો હતો. જેથી અભયમની ટીમના માર્ગદર્શન મુજબ મહિલાએ પોલીસ ફરિયાદ નોંધાવવા સાથે મોબાઈલ પોલીસને સોંપ્યો છે. વડોદરા શહેરના એક વિસ્તારમાં રહેતી મહિલા પોતાના ઘરના બાથરૂમમાં કપડાં ધોઈ રહી હતી. કપડાં ધોયા બાદ નાહી રહી હતી તે દરમિયાન બાથરૂમની ઉપરની બાજુ ખુલ્લી હોવાથી બાજુમાં કડિયા કામ માટે આવેલા એક શખ્સે તેનો લાભ લઈ મોબાઈલ ફોન દ્વારા મહિલાનો નાહતો વીડિયો બનાવવાનું શરૂ કર્યું હતું. નાહવા મહિલાની આ શખ્સ પર નજર પડતાં તે મોબાઈલથી વીડિયો ઉતારતો હોવાનું જણાયુ હતું. દરમીયાન મહિલાએ તાત્કાલિક બુમાબુમ કરતાં પરિવારજનો સ્થળ પર દોડી આવ્યા હતા. પરિવારજનો આરોપી પાસે દોડીને પહોંચ્યા હતાં ત્યારે તેણે પરિવારના સભ્યો સાથે આ શખસે ગાળા ગાળી કરીને ત્યાં મોબાઈલ ફેંકી ફરાર થઈ ગયો હતો. મહિલાએ તરત જ અભયમ ટીમનો સંપર્ક કર્યો હતો. અભયમની મહિલા ટીમ સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી પરંતુ આરોપીનું ઘર બંધ મળ્યું હતું. આસપાસ શોધખોળ છતાં આરોપી મળી આવ્યો નહોતો. આ ઘટનાને લઈને મહિલાએ અભયમની ટીમના માર્ગદર્શન મુજબ પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ આપવા સાથે મોબાઈલ પોલીસને સોંપવામાં આવ્યો છે.

**ઈન્ડિયા કોમનવેલ્થ ટ્રેડ કાઉન્સિલ, ગુજરાત સાથે MSU ના વિદ્યાર્થીઓએ ઈન્ટર્નશીપ કરી**

# ટેક્સટાઈલ્સ, ડાયમન્ડ્સ, ફિનટેક અને રિન્યુએબલ એનર્જી જેવા વિવિધ ક્ષેત્રે તકો

### ભારત અને કોમનવેલ્થ દેશો વચ્ચેના વેપારના નવા માર્ગો ખુલશે



(પ્રતિનિધિ) વડોદરા, તા.10

ઈન્ડિયા કોમનવેલ્થ ટ્રેડ કાઉન્સિલ (ICTC) ગુજરાત દ્વારા એમ.એસ. યુનિ.ની ફેકલ્ટી ઓફ આર્ટસના પોલિટિકલ સાયન્સના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા ૧૯ વિદ્યાર્થીઓને ઈન્ટર્નશીપ તક આપવામાં આવી હતી. જે થકી વિદ્યાર્થીઓએ ટેક્સટાઈલ્સ, ડાયમન્ડ્સ, ફિનટેક અને રિન્યુએબલ એનર્જી જેવા વિવિધ ક્ષેત્રોમાં ભારત અને કોમનવેલ્થ દેશો વચ્ચેના વેપારના નવા માર્ગોને શોધ્યા હતા. આ પ્રયોગાત્મક અભ્યાસ દ્વારા વિદ્યાર્થીઓ વૈશ્વિક વેપારના ગતિશીલ પરિબળો, જીઓ-પોલિટિકલ પરિસ્થિતિઓ અને સંસ્થાગત કાર્યમાં યોગદાન આપવા માટેની જરૂરી સમજ વિકસાવી હતી.

જે વિશે માહિતી આપતા ICTC ગુજરાતના ચેરમેન વિરલ ચૌધરીએ જણાવ્યું હતું કે, આ પ્રકારના ઈન્ટર્નશિપ કાર્યક્રમો દ્વારા યુવાનોને વૈશ્વિક વેપાર અને નીતિ ક્ષેત્રમાં પ્રાયોગિક અનુભવ મળે છે, જે તેમના ભવિષ્ય માટે અત્યંત મહત્વપૂર્ણ છે. ICTC ગુજરાત યુવાનોને યોગ્ય માર્ગદર્શન અને તકો પૂરી પાડવા માટે પ્રતિબદ્ધ છે.

આ ઈન્ટર્નશિપ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને થિયરી અને પ્રેક્ટિકલ વચ્ચેનો અંતર ઘટાડવાનો હતો, જેમાં તેઓ સફળ રહ્યા છે. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓને MSU ની પોલિટિકલ સાયન્સ વિભાગના હેડ પ્રો. (ડૉ.) અમિત ધોળકિયા અને તેજ વિભાગના એસોસિયેટ પ્રો. દિપ્તિ આચાર્યની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો વિતરણ કરવામાં આવ્યા હતા.

**સાવલી નગરપાલિકામાં કોંગ્રેસમાં ભડકો**

# પાલિકાના કોર્પોરેટર અને પાલિકાના ઉપ નેતા યુનુસ શેખ ઉર્ફે બાબરનો કોંગ્રેસ છોડવાનો નિર્ણય

(પ્રતિનિધિ) સાવલી, તા.10

સાવલી નગરપાલિકામાં કોંગ્રેસમાં ભડકો થયો છે અને પાલિકાના કોર્પોરેટર અને પાલિકાના ઉપ નેતા યુનુસ શેખ ઉર્ફે બાબર નો કોંગ્રેસ છોડવાનો નિર્ણય કરી કોંગ્રેસ ની નીતિરીતિ સામે સવાલો ઉભા કરતા નગરમાં ચર્ચા જાગી છે સાવલી નગર પાલિકા ના 19 ઉમેદવારોનું લિસ્ટ આજે સાંજના સમયે કોંગ્રેસ દ્વારા જાહેર થતાં નારાજગી સપાટી પર આવી છે તેવામાં ચાર વાર પાલિકામાં કોર્પોરેટર અને વિવિધ હોદ્દા પર પતિ પત્ની ભોગવી ચૂક્યા છે તેવા યુનિસ શેખ ઉર્ફે બાબર દ્વારા કોંગ્રેસ ની નીતિરીતિ થી નારાજ થઈને વિવિધ આક્ષેપો કરીને કોંગ્રેસ માંથી રાજીનામું આપવાની જાહેરાત કરી છે કોંગ્રેસના આગેવાન અને પાલિકાના ઉપ નેતાએ પક્ષ છોડવાનો નિર્ણય કરતા પાલિકાના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે

અને ભારે તરેહ તરેહની ચર્ચા જાગી છે તેમના જણાવ્યા મુજબ સ્થાનિક કોંગ્રેસ નેતા ગિરી ની નીતિરીતિ સામે સવાલો ઊભા કરી નારાજગી વ્યક્ત કરી છે અને સ્થાનિક નેતા કામ ન કરતા હોવાનો આક્ષેપ કર્યો છે અને કોંગ્રેસની નીતિ પર સવાલ, ઉભા કરીને ખરાબ નીતિ હોવાનો આક્ષેપ કર્યો છે અને પક્ષમાં જો હુકમી ચાલતી હોવાનો આક્ષેપ કર્યો છે આમ સાવલી શહેર કોંગ્રેસ માટે નારાજગી વધતી જોવા મળી રહી છે અને ચૂંટણી પહેલા કોંગ્રેસમાં આંતરિક કલેહ સપાટી આવ્યો છે જેમાં કોંગ્રેસ માટે એક સંધાય અને તેર તૂટે તેવી સ્થિતિ સર્જાઈ છે

ત્યારે રાજીનામા અને વિરોધ નો બંને રાજકીય પક્ષો સામનો કરી રહ્યા છે આમ પણ સ્થાનિક સ્વરાજની ચૂંટણી પૂર્વે કોંગ્રેસ પોતાના કાર્યકરો ની નારાજગી સહન કરવાનો વારો આવ્યો છે સાવલી તાલુકા ની પ્રજા સાવલી માં વિરોધપક્ષ એની ભૂમિકા ભજવવાનો આક્ષેપ કરી રહ્યા છે તેવામાં આ રાજીનામા એ તાલુકાજનો ની ચર્ચા યથાર્થ ઠેરવી હોય ચર્ચા કરતા નગરજનો જોવા મળી રહ્યા છે.

**આરોપીએ બહાર આવવા કામ ચલાઉ જામીન અરજી કરી હતી**

# શ્રમિક પરિવારના બાળકોના મોત નીપજાવનાર આરોપીના જામીન નામંજૂર

(પ્રતિનિધિ) વડોદરા, તા.10

વડોદરાના માંજલપુર અવધૂત ફાટક પાસેના વિસ્તારમાં નવા વર્ષની રાત્રિના ફૂટપાથ પર સુતેલા શ્રમિક પરિવાર પર કાર ચડાવી બે બાળકોના મોત નિપજાવનાર આરોપી નીતિન ઝાને કોર્ટમાંથી રાહત મળી નથી. મેજિસ્ટ્રેટે ગુનાની ગંભીરતા ધ્યાનમાં રાખીને કામચલાઉ જામીન અરજી નામંજૂર કરી છે. વડોદરાના માંજલપુર વિસ્તારમાં આવેલી અવધૂત પાઠક નજીક નવા વર્ષની રાત્રે એક દુર્ઘટનાએ માનવતા હચમચાવી દીધી હતી. ફૂટપાથ પર સૂતો એક ગરીબ શ્રમિક પરિવાર ત્યારે ભયાનક અકસ્માતનો ભોગ બન્યો હતો, જ્યારે ઝડપથી દોડતી કાર ચલાવતા આરોપી નીતિન ઝાએ બેદરકારીપૂર્વક વાહન હંકારતા પરિવાર પર કાર ચડાવી દીધી હતી. આ ગંભીર અકસ્માતમાં પરિવારના બે નિર્દોષ બાળકોના કરુણ મોત થયા હતા, જ્યારે અન્ય સભ્યોને પણ ઈજા પહોંચી હતી. ઘટનાને પગલે વિસ્તારમાં શોક અને રોષનો માહોલ સર્જાયો હતો. ઘટના બાદ રાવપુરા પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને આરોપી નીતિન ઝાની ધરપકડ કરી હતી અને તેને જેલ હવાલે કરવામાં આવ્યો હતો. પછી આરોપી દ્વારા કોર્ટમાં 20 દિવસના કામચલાઉ જામીન માટે અરજી કરવામાં આવી હતી. અરજીમાં વિવિધ કારણો રજૂ કરીને સમયાંતરે મુક્તિ માંગવામાં આવી હતી. પરંતુ કેસની ગંભીરતા, બાળકોના થયેલા મોત અને સમાજ પર પડેલા પ્રભાવને ધ્યાનમાં રાખીને મેજિસ્ટ્રેટે આરોપીની અરજીને યોગ્ય માન્ય ન ગણી.

# વડોદરા ડિવિઝન 2.722 મેગાવોટ પીક સોલાર પાવર પ્લાન્ટ સ્થાપિત કરશે : વાર્ષિક 2.92 કરોડની થશે બચત

(પ્રતિનિધિ) વડોદરા, તા.10

ભારતીય રેલ્વેની ગ્રીન એનર્જી પોલિસી અનુસાર, પશ્ચિમ રેલ્વેનો વડોદરા ડિવિઝન સૌર ઉર્જાનો ઉપયોગ સતત વધારીને ઉર્જા કાર્યક્ષમતામાં નોંધપાત્ર પ્રગતિ કરી રહ્યું છે. નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન, ડિવિઝનલ રેલ્વે મેનેજર રાજુ ભડકેના માર્ગદર્શન હેઠળ, વડોદરા ડિવિઝનના ઈલેક્ટ્રિકલ વિભાગે 2.722 મેગાવોટ પીક (MWp)ની કુલ ક્ષમતાવાળા રૂફટોપ સોલાર પાવર પ્લાન્ટ સ્થાપિત કર્યા. આ સોલાર પ્લાન્ટ્સ ડિવિઝન માટે વાર્ષિક આશરે 2.92 કરોડની બચત કરશે, જે ઉર્જા ખર્ચને શ્રેષ્ઠ બનાવવામાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે.

સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (પાવર), પ્રદીપ મીણાએ જણાવ્યું હતું કે, આ પહેલ પર્યાવરણીય સંરક્ષણમાં પણ નોંધપાત્ર યોગદાન આપી રહી છે. આ પ્લાન્ટ વાર્ષિક આશરે 3.64 મિલિયન યુનિટ સોલાર ઉર્જા ઉત્પન્ન કરશે, જે ઉર્જા કાર્યક્ષમતામાં નોંધપાત્ર સુધારો કરશે. વધુમાં, સ્ટાન્ડર્ડ ગ્રીડ ઉત્સર્જન પરિબળના આધારે, આ પ્લાન્ટ્સ CO ઉત્સર્જનમાં આશરે 2,632 ટનનો ઘટાડો કરશે તેવી અપેક્ષા છે. અંદાજિત 25 વર્ષના આયુષ્ય દરમિયાન, આશરે 65,800 ટન CO ઉત્સર્જન ટાળવામાં આવશે. તેમણે માહિતી આપી કે વીજળી વિભાગ (પાવર) ડિવિઝનમાં રેલ્વે સ્ટેશનો, સર્વિસ બિલ્ડિંગો અને પરિસરોમાં છત પર સોલાર પ્લાન્ટ લગાવીને સ્વચ્છ ઉર્જાને પ્રોત્સાહન આપી રહ્યું છે, જેનાથી પરંપરાગત ઉર્જા સ્ત્રોતો પરની નિર્ભરતા ઓછી થશે. ડિવિઝનમાં વિવિધ મુખ્ય સ્થળોએ સોલાર પ્લાન્ટ લગાવવામાં આવ્યા છે, જેમાં વડોદરા સ્ટેશન સંકુલ, ઈલેક્ટ્રિક લોકો શેડ અને અંકલેશ્વર સ્ટેશન સહિત અન્ય સેવા ઈમારતોનો સમાવેશ થાય છે. વડોદરા સ્ટેશન પર, રનિંગ રૂમ, TTE રેસ્ટ રૂમ, રિટાયરિંગ રૂમ, RRI, લોબી અને ઓફિસ બિલ્ડિંગની છતનો ઉપયોગ કરીને સૌર ઉર્જા ઉત્પાદન સુનિશ્ચિત કરવામાં આવ્યું છે. વડોદરા વિભાગ સૌર ઉર્જા ક્ષમતાના વિસ્તરણ અને ઉર્જા કાર્યક્ષમતા પગલાંના અમલીકરણ દ્વારા ભવિષ્યમાં સ્વચ્છ ઉર્જાનો ઉપયોગ વધુ વધારવા માટે પ્રતિબદ્ધ છે.

# એમએસયુમાં પીએચડી પ્રવેશના બીજા રાઉન્ડની જાહેરાત કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા.10

મહારાજા સયાજીરાવ યુનિવર્સીટીમાં પસંદ કરાયેલા ઉમેદવારો કલા, વાણિજ્ય, શિક્ષણ, વિજ્ઞાન અને ટેકનોલોજી, કાયદો સામાજિક કાર્ય, લલિત કલા, પર્ફોર્મિંગ આર્ટ્સ, ફાર્મસી વગેરે સહિત વિવિધ ક્ષેત્રોમાં ડોક્ટરલ અભ્યાસ કરશે. એમએસયુ 55 થી વધુ વિષયોમાં પીએચડી કાર્યક્રમો પ્રદાન કરે છે, જેમાં આંતરશાખાકીય સંશોધન અને નવીનતા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. યુનિવર્સિટીમાં પ્રવેશ પરીક્ષણો, સંશોધન દરખાસ્ત મૂલ્યાંકન અને ઈન્ટરવ્યુનો સમાવેશ થાય છે. ઉમેદવારોએ ચોક્કસ પાત્રતા માપદંડોને પૂર્ણ કરવા જરૂરી છે. જેમાં ઓછામાં ઓછા 55 ટકા કુલ સ્કોર સાથે અનુસ્નાતક ડિગ્રી અને પીએચડી પાત્રતા પરીક્ષા (પીઈટી, જીસેટ અથવા યુજીસીનેટ ) પાસ કરવી જરૂરી છે, એમ રજિસ્ટ્રાર પ્રો. કે.એમ. ચુડાસમાએ જણાવ્યું હતું. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન દ્વારા માન્ય છે અને નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન કાઉન્સિલ દ્વારા A+ ગ્રેડ આપવામાં આવ્યો છે. પ્રોફેસર પુષ્પાનાથમે જણાવ્યું હતું કે, યુનિવર્સિટી અનુભવી ફેકલ્ટી અને અત્યાધુનિક સુવિધાઓ સાથે સહાયક સંશોધન વાતાવરણ પૂરું પાડવા માટે પ્રતિબદ્ધ છે.


**વડોદરા મહાનગરપાલિકા**

Website: www.vmc.gov.in

**પ્રોપર્ટી ટેક્ષ લગતની અગત્યની જાહેરાત**

વડોદરા શહેરમાં મિલકત ધરાવતા નાગરિકોને અપીલ કરવામાં આવે છે કે મિલકતોના પ્રોપર્ટી ટેક્ષ લગતની નવીન ટેકનોલોજી બેઝ સિસ્ટમ બનાવવામાં આવેલ છે. આથી, હાલની કાર્યરત જુની સિસ્ટમમાંથી નવીન સિસ્ટમમાં ટ્રાન્સફર થવા લગત વિવિધ કાર્યવાહી કરવાની થાય છે. હાલની સિસ્ટમમાંથી તમામ ડેટા નવીન સિસ્ટમમાં લઇ જવાના હોવાથી, તા. ૧૧-૦૪-૨૦૨૬ રાત્રે ૧૨:૦૦ કલાક થી ૨૧-૦૪-૨૦૨૬ રાત્રે ૧૨:૦૦ કલાક સુધી પ્રોપર્ટી ટેક્ષની ઓનલાઇન તથા ઓફલાઇન સિસ્ટમ બંધ રાખવામાં આવશે. તા. ૨૨-૦૪-૨૦૨૬ સવારે ૧૧:૦૦ કલાકથી સંપૂર્ણ સિસ્ટમ રાબેતા મુજબ ચાલુ કરવામાં આવશે. જેની શહેરના તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે, સદર કામગીરી લગત અસુવિધામાં આપનો સહકાર આપવા નમ્ર વિનંતી છે.

PRO No.: IT/ 6 /2026-27 ડાયરેક્ટર (આઇ.ટી.)

**જાહેર નોટીસ**

આથી અમોના અસીલશ્રીની સુચના અને ફરમાયશ અન્વયે જાહેર જનતાને જણાવવાનું કે હમારા અસીલ ચિરાગ નાગજીભાઇ પટેલ નાઓ દ્વારા જાહેર જનતાને જણાવવાનુ કે હમારા અસીલ દ્વારા જો કોઇ પણ જાતના આજરોજ યાને કે તા.૧૦/૦૪/૨૦૨૬ પહેલા થયેલ પાવર ઓફ એર્ટની/સાટાખત/બાનાખત જેવા કોઇપણ જાતના લખાણ થયેલ હોય અને આવા કોઇ પાવર ઓફ એર્ટની/સાટાખત/બાનાખત થકી આજદીન સુધી કોઇ કાર્યો કરેલા નથી અને તેવા કોઇ કાર્યો કરેલા હોય તો તે હમારા અસીલને જાણમાં નથી અને વળી તે હમારા અસીલને બંધનકર્તા પણ નથી. જેથી સદર જાહેર નોટીસ થકી જાહેર જનતાને જણાવવાનુ કે હમોના અસીલના ખોટા પાવર ઓફ એર્ટની/સાટાખત/બાનાખત જેવા લખાણો માર્કેટમાં ચાલી રહેલ હોય. તો આવા તા.૧૦/૦૪/૨૦૨૬ પહેલા થયેલ તમામ લખાણો જેવા કે પાવર ઓફ એર્ટની/સાટાખત/બાનાખત સદર નોટીસથી રદ યાને કેન્શલ કરવાના રહેશે. જેથી સદરહું નોટીસ આપી જાહેર જનતાને જણાવવાનુ કે હમારા અસીલ ચિરાગભાઇ નાગજીભાઇ પટેલનાઓના કોઇપણ જાતના તા.૧૦/૦૪/૨૦૨૬ પહેલાના લખાણ જેવા કે પાવર ઓફ એર્ટની/સાટાખત/બાનાખત જેવા અન્ય કોઈપણ જાતના લખાણના આધારે કોઇપણ વ્યકિતએ કોઇપણ જાતના વ્યવહારો કરવા કરાવવા નહી તેમ છતાં હમારા અસીલના આવા ખોટા લખાણોના આધારે કોઇપણ વ્યકિત કોઇપણ જાતના વ્યવહાર કરશે તો તે હમારા અસીલને બંધનકર્તા રહેશે નહી અને વ્યવહાર કરનારને કોર્ટ પ્રકરણ સિવાય કોઈ હકક કે અધિકાર પ્રાપ્ત થશે નહી જેની ગંભીર નોંધ લેવી.

**પંકજ એસ.લોટવાલા/આર.એન.ગડુમ/દર્શ પી.લોટવાલા**
**તે ચિરાગભાઇ નાગજીભાઇ પટેલના (એડવોકેટ)**

ઓફિસ : ૨૧૩, મેગા રોયલ કોમ્પલેક્ષ, હની પાર્ક ચાર રસ્તા, પટેલ પ્રગતિ મંડળની પાસે, અડાજણ, સુરત - ૩૯૫૦૦૯ મો.નં. : (+૯૧) ૯૦૩૩૨ ૬૩૪૦૨

**AXIS BANK LIMITED**

**ગીરો અસ્કયામતો - સોનાના ઘરેણાંની હરાજી માટેની જાહેર નોટિસ**

દેવાદારોને ખાસ અને સામાન્ય જનતાને આથી જાણ કરવામાં આવે છે કે નીચેના ખાતાઓમાં ગીરો મુકાયેલા સોનાના ઘરેણાંની જાહેર હરાજી એક્સિસ બેંક દ્વારા નીચે દર્શાવેલ શાખા ખાતે યોજવાનું પ્રસ્તાવિત છે. નીચે દર્શાવેલ દેવાદારોએ સુરક્ષા તરીકે બેંકની તરફેણમાં સોનાના ઘરેણાં ગીરો મૂકીને એક્સિસ બેંક લિમિટેડ પાસેથી ક્રેડિટ સુવિધા ("ગોલ્ડ લોન સુવિધા") મેળવી છે. દેવાદારો/જામીનદારોને મેળવેલી ગોલ્ડ લોન સુવિધાની તેમની બાકી રકમ ચૂકવવા માટે માંગણી નોટિસ જારી કરવામાં આવી હતી. દેવાદારો/જામીનદારો લોનની બાકી રકમ પરત કરવામાં નિષ્ફળ ગયા હોવાથી, બેંક ગીરોનો ઉપયોગ કરવા માટે મજબૂર છે અને ગીરો મુકાયેલા સોનાના ઘરેણાંની હરાજી દ્વારા વેચાણ કરવાનું પ્રસ્તાવિત કરે છે, જેનું વિગતવાર વર્ણન નીચે મુજબના મિલકતના શિડ્યુલમાં છે, જે 11-05-2026 ના રોજ સવારે 11:00 AM વાગ્યે "As In Where Is", "As Is What Is", "Whatever There Is" અને "No Recourse Basis" પર યોજાશે. દેવાદારો અને બાકી રકમની વિગતો

| ગ્રાહકનું નામ | લોન ખાતા નંબર | બાકી રકમ (રૂ.) | રિકોલ નોટિસની તારીખ | ગ્રોસ વજન | નેટ વજન |
|---|---|---|---|---|---|
| શાખાનું નામઃ અલીપુરા, બોડેલી વડ [GJ] | | | | | |
| તડવી રાજેન્દ્રકુમાર | XXXXXXXXXXX3510 | 93041 | 09-02-2026 | 15.000 | 14.500 |
| શાખાનું નામઃ દાહોદ [GJ] | | | | | |
| યોગેશ શંકરભાઈ શર્મા | XXXXXXXXXXX7010 | 418973 | 16-02-2026 | 55.260 | 51.060 |
| શાખાનું નામઃ દેવગઢ બારિયા [GJ] | | | | | |
| ગોહિલ કાજલબેન જનકકુમાર | XXXXXXXXXXX6779 | 258156 | 23-01-2026 | 33.280 | 32.480 |
| ચૌહાણ અરવિંદાબેન પ્રવિણસિંહ | XXXXXXXXXXX4922 | 204685 | 19-03-2026 | 34.510 | 33.300 |
| પટેલ વિપીનકુમાર રતનસિંહ | XXXXXXXXXXX2253 | 172822 | 10-01-2026 | 40.300 | 39.000 |
| પટેલ મુકેશભાઈ વાજેસિંગભાઈ | XXXXXXXXXXX0032 | 121549 | 19-03-2026 | 19.900 | 19.300 |
| શાખાનું નામઃ ગોધરા [GJ] | | | | | |
| ચૌહાણ બળવંતસિંહ સાંકાભાઈ | XXXXXXXXXXX6925 | 836442 | 09-03-2026 | 109.300 | 99.900 |
| સોલંકી અજય | XXXXXXXXXXX7551 | 36668 | 09-03-2026 | 5.000 | 4.700 |
| શાખાનું નામઃગોરવા [GJ] | | | | | |
| શર્મા વિક્રાંત નિકેશભાઈ | XXXXXXXXXXX4245 | 96167 | 19-03-2026 | 20.090 | 19.440 |
| શાખાનું નામઃ હાલોલ [GJ] | | | | | |
| ચૌહાણ મહેન્દ્રભાઈ રમેશભાઈ | XXXXXXXXXXX1701 | 114913 | 10-01-2026 | 19.900 | 19.500 |
| શાખાનું નામઃ કલાદર્શન ચાર રસ્તા [GJ] | | | | | |
| રાજેશભાઈ બારીયા | XXXXXXXXXXX6278 | 102589 | 09-02-2026 | 18.100 | 17.400 |
| શાખાનું નામઃ કારેલી બાગ, વડોદરા [GJ] | | | | | |
| ચોકસી ભરતકુમાર | XXXXXXXXXXX2100 | 3415905 | 20-03-2026 | 446.500 | 437.000 |
| શાખાનું નામઃખંભાત અના [GJ] | | | | | |
| મહેશભાઈ મકવાણા | XXXXXXXXXXX0580 | 300869 | 09-03-2026 | 40.000 | 39.300 |
| શાખાનું નામઃ માંજલપુર, વડોદરા [GJ] | | | | | |
| માંકોડી નીલમ | XXXXXXXXXXX9037 | 175949 | 16-02-2026 | 21.700 | 20.900 |
| શાખાનું નામઃ નિઝામપુરા, વડોદરા [GJ] | | | | | |
| વાલા અંકિતકુમાર | XXXXXXXXXXX4727 | 173922 | 19-03-2026 | 27.000 | 22.300 |
| શાખાનું નામઃ વડોદરા [GJ] | | | | | |
| પટેલ હેતલ ધવલભાઈ | XXXXXXXXXXX3230 | 1892580 | 20-03-2026 | 310.300 | 297.300 |

**ટેન્ડરના નિયમો અને શરતોઃ**

બેઝ/રિઝર્વ કિંમત હરાજીના દિવસે/તારીખે ટેન્ડર ભરનારાઓને આપવામાં આવશે જેના પર હરાજીની બોલી ધ્યાનમાં લેવામાં આવશે. બેંક દ્વારા પૂરા પાડવામાં આવેલ નિયત ટેન્ડર ફોર્મમાં બોલી/ઓફરો જ બિડિંગ માટે ધ્યાનમાં લેવામાં આવશે.
અપૂર્ણ બિડ ફોર્મ/ટેન્ડર અમાન્ય ગણવામાં આવશે અને તે નકારવા પાત્ર રહેશે.
ટેન્ડર દસ્તાવેજો નિયમો અને શરતો સાથે ઉપર જણાવેલ શાખામાંથી મેળવવાના રહેશે. પૂર્ણ થયેલ ટેન્ડર દસ્તાવેજ 11-05-2026 ના રોજ કામકાજના કલાકો દરમિયાન સંબંધિત શાખાના અધિકારીને સોંપવાના રહેશે. નિયત તારીખ પછી મળેલા ટેન્ડરો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.
ઉક્ત મિલકતો વેચાણ માટે "As Is Where Is", "As Is What Is", "Whatever There Is" અને "No Recourse" ના ધોરણે ઓફર કરવામાં આવે છે. બેંક ઉક્ત મિલકતના સંબંધમાં ધોરણ, શુદ્ધતા અને/અથવા અન્ય કોઈ લેણાં, કર, જો કોઈ હોય તો, તેની કોઈ જવાબદારી લેતી નથી.
બેંક દ્વારા હરાજીની તારીખે ટેન્ડર ભરનારાઓની હાજરીમાં ટેન્ડરો ખોલવામાં આવશે જેઓ ઉપર જણાવ્યા મુજબના દિવસે અને સમયે હાજર રહેવાનું પસંદ કરી શકે છે, અન્ય બાબતોની સાથે, તેમની સંબંધિત ઓફરો વધારવા/સુધારવા માટે.

**શાખાના નામો ઉપર દર્શાવેલ છે. હરાજીની તારીખઃ 11-05-2026.**

એકવાર સબમિટ કર્યા પછી ઓફર/ટેન્ડર પાછું ખેંચી શકાશે નહીં અને જો કોઈ ચોક્કસ વસ્તુ/અસ્કયામત/ઘરેણાં માટે એક જ બિડ/ઓફર હોય તો બિડરે બિડની રકમ જમા કરાવવી પડશે. જો કોઈ ચોક્કસ વસ્તુ/અસ્કયામત/ઘરેણાં માટે એક કરતા વધુ બિડ હોય, તો બિડર્સ વચ્ચે આંતરિક બિડિંગ થશે અને સૌથી વધુ બોલી લગાવનારને સફળ બિડર તરીકે જાહેર કરવામાં આવશે.
બિડરે તમામ KYC દસ્તાવેજો એટલે કે પાન નંબર, પાન કાર્ડ, આધાર કાર્ડ અને સરનામાનો પુરાવો વગેરે સબમિટ કરવા જોઈએ. બિડરે માન્ય ઈ-મેલ ID અને સંપર્ક નંબર સબમિટ કરવો જોઈએ. બેંક તેની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી ઓફર સ્વીકારવા અથવા નકારવાનો તેનો અધિકાર અનામત રાખે છે.
ઉક્ત મિલકતના વેચાણ/વેચાણ માટે ઓફર કરવામાં આવેલ વેચાણમાંથી ઉદ્દભવતા કોઈપણ વિવાદો/તફાવતો માત્ર મુંબઈની અદાલતો/ટ્રિબ્યુનલના વિશિષ્ટ અધિકારક્ષેત્રને આધીન રહેશે.

સ્થળઃ ગુજરાત

અધિકૃત અધિકારી
એક્સિસ બેંક લિમિટેડ

**દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ**

DGVCL

CINU40102GJ2003SGC042909

રાજપીપળા વિભાગીય કચેરી, કાળિયા ભૂત મંદિર પાસે, રાજપીપળા

ફોન નં.:૦૨૬૪૦-૨૨૨૧૫૨ ઈ-મેઇલઃ eeraj.dgvcl@gebmail.com

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ (કે ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)

**વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત**

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ તારીખે અને સમયે ફીડર* ઉપર અગત્યનું સમારકામ કરવાનું હોવાથી વીજ પ્રવાહ બંધ રહેશે.

| ક્રમ | સબ-સ્ટેશન | ફીડર | સબ-ડિવિઝન | ફોલ્ટ સેન્ટર નં. | તારીખ (વાર) | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કેવી રાજપીપળા | તમામ ફીડર | રાજપીપળા-૧ | ૭૫૬૭૭૮૦૩૭૪ | ૧૩.૦૪.૨૦૨૬ (સોમવાર) | ૦૬:૦૦ થી ૧૦:૦૦ |
| ૨ | ૬૬ કેવી રાજપીપળા | ૧૧ કેવી પોઈચા જેજીવાય | રાજપીપળા-૨ | ૭૫૬૭૭૪૯૮૦૬ | ૧૩.૦૪.૨૦૨૬ (સોમવાર) | ૦૮:૦૦ થી ૧૨:૦૦ |
| ૩ | ૬૬ કેવી બલ | ૧૧ કેવી ખટામ જેજીવાય | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૧૩.૦૪.૨૦૨૬ (સોમવાર) | ૦૮:૦૦ થી ૧૨:૦૦ |
| ૪ | ૬૬ કેવી બલ | ૧૧ કેવી ગઢ એજી | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૧૩.૦૪.૨૦૨૬ (સોમવાર) | ૦૮:૦૦ થી ૧૨:૦૦ |
| ૫ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી ખોપી જેજીવાય | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૧૩.૦૪.૨૦૨૬ (સોમવાર) | ૦૮:૦૦ થી ૧૨:૦૦ |
| ૬ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી ટેલિઆંબા એજી | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૧૩.૦૪.૨૦૨૬ (સોમવાર) | ૦૮:૦૦ થી ૧૨:૦૦ |
| ૭ | ૬૬ કેવી ચિકદા | ૧૧ કેવી દાભવણ જેજીવાય | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૧૩.૦૪.૨૦૨૬ (સોમવાર) | ૦૮:૦૦ થી ૧૨:૦૦ |
| ૮ | ૬૬ કેવી ચિકદા | ૧૧ કેવી બેડવાણ એજી | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૧૩.૦૪.૨૦૨૬ (સોમવાર) | ૦૮:૦૦ થી ૧૨:૦૦ |
| ૯ | ૬૬ કેવી ચિકદા | ૧૧ કેવી ચિકદા જેજીવાય | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૧૪.૦૪.૨૦૨૬ (મંગળવાર) | ૦૮:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૦ | ૬૬ કેવી ચિકદા | ૧૧ કેવી ગોપલીયા એજી | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૧૪.૦૪.૨૦૨૬ (મંગળવાર) | ૦૮:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૧ | ૬૬ કેવી ચિકદા | ૧૧ કેવી આંબાવાડી જેજીવાય | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૧૫.૦૪.૨૦૨૬ (બુધવાર) | ૦૮:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૨ | ૬૬ કેવી ચિકદા | ૧૧ કેવી કકરપાડા એજી | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૧૫.૦૪.૨૦૨૬ (બુધવાર) | ૦૮:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૩ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી નાના કાકડીઆંબા એજી | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૧૫.૦૪.૨૦૨૬ (બુધવાર) | ૦૮:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૪ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી રોઝદેવ જેજીવાય | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૧૫.૦૪.૨૦૨૬ (બુધવાર) | ૦૮:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૫ | ૬૬ કેવી રાજપારડી | ૧૧ કેવી રાજપારડી જેજીવાય | રાજપારડી | ૭૫૬૭૭૩૩૯૨૪ | ૧૫.૦૪.૨૦૨૬ (બુધવાર) | ૦૮:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૬ | ૬૬ કેવી નામલપુર | ૧૧ કેવી લીમડીયા જેજીવાય | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૧૫.૦૪.૨૦૨૬ (બુધવાર) | ૦૮:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૭ | ૬૬ કેવી નામલપુર | ૧૧ કેવી કંદલેજ એજી | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૧૫.૦૪.૨૦૨૬ (બુધવાર) | ૦૮:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૮ | ૬૬ કેવી પ્રતાપનગર | ૧૧ કેવી ટિબી જેજીવાય | રાજપીપળા-૨ | ૭૫૬૭૭૪૯૮૦૬ | ૧૫.૦૪.૨૦૨૬ (બુધવાર) | ૦૮:૦૦ થી ૧૨:૦૦ |
| ૧૯ | ૬૬ કેવી આમદલા | ૧૧ કેવી આમદલા જેજીવાય | ગરુડેશ્વર | ૯૮૭૯૭૭૬૭૪૭ | ૧૫.૦૪.૨૦૨૬ (બુધવાર) | ૦૮:૦૦ થી ૧૨:૦૦ |
| ૨૦ | ૬૬ કેવી આમદલા | ૧૧ કેવી વાડી એજી | ગરુડેશ્વર | ૯૮૭૯૭૭૬૭૪૭ | ૧૫.૦૪.૨૦૨૬ (બુધવાર) | ૦૮:૦૦ થી ૧૨:૦૦ |
| ૨૧ | ૬૬ કેવી ઓરી | ૧૧ કેવી નવાપરા એજી સ્કાય | રાજપીપલા-૨ | ૭૫૬૭૭૪૯૮૦૬ | ૧૬.૦૪.૨૦૨૬ (ગુરૂવાર) | ૦૮:૦૦ થી ૧૨:૦૦ |
| ૨૨ | ૬૬ કેવી પાણેથા | ૧૧ કેવી ફીચવાડા એજી | રાજપારડી | ૭૫૬૭૭૩૩૯૨૪ | ૧૬.૦૪.૨૦૨૬ (ગુરૂવાર) | ૦૮:૦૦ થી ૧૨:૦૦ |
| ૨૩ | ૬૬ કેવી પાણેથા | ૧૧ કેવી ઈન્દોર એજી | રાજપારડી | ૭૫૬૭૭૩૩૯૨૪ | ૧૬.૦૪.૨૦૨૬ (ગુરૂવાર) | ૦૮:૦૦ થી ૧૨:૦૦ |
| ૨૪ | ૬૬ કેવી પાણેથા | ૧૧ કેવી પાણેથા એજી | રાજપારડી | ૭૫૬૭૭૩૩૯૨૪ | ૧૬.૦૪.૨૦૨૬ (ગુરૂવાર) | ૦૮:૦૦ થી ૧૨:૦૦ |
| ૨૫ | ૬૬ કેવી પાણેથા | ૧૧ કેવી જીતપરા જેજીવાય | રાજપારડી | ૭૫૬૭૭૩૩૯૨૪ | ૧૬.૦૪.૨૦૨૬ (ગુરૂવાર) | ૦૮:૦૦ થી ૧૨:૦૦ |
| ૨૬ | ૬૬ કેવી બલ | ૧૧ કેવી સમોટ જેજીવાય | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૧૬.૦૪.૨૦૨૬ (ગુરૂવાર) | ૦૮:૦૦ થી ૧૨:૦૦ |
| ૨૭ | ૬૬ કેવી સૂઈકુવા | ૧૧ કેવી પિંડોલી જેજીવાય | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૧૬.૦૪.૨૦૨૬ (ગુરૂવાર) | ૦૮:૦૦ થી ૧૨:૦૦ |
| ૨૮ | ૬૬ કેવી સોઈકુવા | ૧૧ કેવી વોરા એજી | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૧૬.૦૪.૨૦૨૬ (ગુરૂવાર) | ૦૮:૦૦ થી ૧૨:૦૦ |
| ૨૯ | ૬૬ કેવી ખેડીપાડા | ૧૧ કેવી બોરીપીઠા જેજીવાય | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૧૬.૦૪.૨૦૨૬ (ગુરૂવાર) | ૦૮:૦૦ થી ૧૨:૦૦ |
| ૩૦ | ૬૬ કેવી ખેડીપાડા | ૧૧ કેવી રૂખલ એજી | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૧૬.૦૪.૨૦૨૬ (ગુરૂવાર) | ૦૮:૦૦ થી ૧૨:૦૦ |
| ૩૧ | ૬૬ કેવી ભોગવદ | ૧૧ કેવી જાવલી એજી | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૧૬.૦૪.૨૦૨૬ (ગુરૂવાર) | ૦૮:૦૦ થી ૧૨:૦૦ |
| ૩૨ | ૬૬ કેવી ભોગવદ | ૧૧ કેવી કોલવણ જેજીવાય | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૧૬.૦૪.૨૦૨૬ (ગુરૂવાર) | ૦૮:૦૦ થી ૧૨:૦૦ |
| ૩૩ | ૬૬ કેવી રાજુવાડીયા | ૧૧ કેવી વરાછા જેજીવાય | રાજપીપલા-૨ | ૭૫૬૭૭૪૯૮૦૬ | ૧૭.૦૪.૨૦૨૬ (શુક્રવાર) | ૦૮:૦૦ થી ૧૨:૦૦ |
| ૩૪ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી દેવમોગરા જેજીવાય | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૧૭.૦૪.૨૦૨૬ (શુક્રવાર) | ૦૮:૦૦ થી ૧૨:૦૦ |
| ૩૫ | ૬૬ કેવી સાગબારા | ૧૧ કેવી ગોડદા એજી | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૧૭.૦૪.૨૦૨૬ (શુક્રવાર) | ૦૮:૦૦ થી ૧૨:૦૦ |
| ૩૬ | ૬૬ કેવી ખેડીપાડા | ૧૧ કેવી રોજગાટ જેજીવાય | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૧૭.૦૪.૨૦૨૬ (શુક્રવાર) | ૦૮:૦૦ થી ૧૨:૦૦ |
| ૩૭ | ૬૬ કેવી ખેડીપાડા | ૧૧ કેવી ઝાંક એજી | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૧૭.૦૪.૨૦૨૬ (શુક્રવાર) | ૦૮:૦૦ થી ૧૨:૦૦ |
| ૩૮ | ૬૬ કેવી નામલપુર | ૧૧ કેવી મહીજીપૂરા જેજીવાય | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૧૭.૦૪.૨૦૨૬ (શુક્રવાર) | ૦૮:૦૦ થી ૧૨:૦૦ |
| ૩૯ | ૬૬ કેવી નામલપુર | ૧૧ કેવી કસોટીયા એજી | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૧૭.૦૪.૨૦૨૬ (શુક્રવાર) | ૦૮:૦૦ થી ૧૨:૦૦ |
| ૪૦ | ૬૬ કેવી આમદલા | ૧૧ કેવી સાંધીયા જેજીવાય | ગરુડેશ્વર | ૯૮૭૯૭૭૬૭૪૭ | ૧૭.૦૪.૨૦૨૬ (શુક્રવાર) | ૦૮:૦૦ થી ૧૨:૦૦ |
| ૪૧ | ૬૬ કેવી આમદલા | ૧૧ કેવી સૂકા એજી | ગરુડેશ્વર | ૯૮૭૯૭૭૬૭૪૭ | ૧૭.૦૪.૨૦૨૬ (શુક્રવાર) | ૦૮:૦૦ થી ૧૨:૦૦ |
| ૪૨ | ૬૬ કેવી નેત્રંગ | ૧૧ કેવી અસનાવી જેજીવાય | રાજપારડી | ૭૫૬૭૭૩૩૯૨૪ | ૧૭.૦૪.૨૦૨૬ (શુક્રવાર) | ૦૮:૦૦ થી ૧૨:૦૦ |
| ૪૩ | ૬૬ કેવી બલ | ૧૧ કેવી ડૂમખલ જેજીવાય | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૧૭.૦૪.૨૦૨૬ (શુક્રવાર) | ૦૮:૦૦ થી ૧૨:૦૦ |
| ૪૪ | ૬૬ કેવી બોરદા | ૧૧ કેવી નાલ જેજીવાય | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૧૮.૦૪.૨૦૨૬ (શનિવાર) | ૦૮:૦૦ થી ૧૨:૦૦ |
| ૪૫ | ૬૬ કેવી બોરદા | ૧૧ કેવી ગાયસાવર એજી | સાગબારા | ૭૫૬૭૭૨૦૬૩૮ | ૧૮.૦૪.2૦૨૬ (શનિવાર) | ૦૮:૦૦ થી ૧૨:૦૦ |
| ૪૬ | ૬૬ કેવી ડેડીયાપાડા | ૧૧ કેવી નીવાલ્દા ટાઉન | ડેડીયાપાડા | ૯૮૭૯૭૭૬૩૩૫ | ૧૮.૦૪.૨૦૨૬ (શનિવાર) | ૦૮:૦૦ થી ૧૨:૦૦ |
| ૪૭ | ૬૬ કેવી ચિકદા | ૧૧ કેવી આંબાવાડી જેજીવાય | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૧૮.૦૪.૨૦૨૬ (શનિવાર) | ૦૮:૦૦ થી ૧૨:૦૦ |
| ૪૮ | ૬૬ કેવી ચિકદા | ૧૧ કેવી કાકરપાડા એજી | ચિકદા | ૬૩૫૭૩૫૦૧૨૧ | ૧૮.૦૪.૨૦૨૬ (શનિવાર) | ૦૮:૦૦ થી ૧૨:૦૦ |
| ૪૯ | ૧૩૨ કેવી તિલકવાડા | ૧૧ કેવી અલવા જેજીવાય | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૧૮.૦૪.૨૦૨૬ (શનિવાર) | ૦૮:૦૦ થી ૧૨:૦૦ |
| ૫૦ | ૧૩૨ કેવી તિલકવાડા | ૧૧ કેવી ગંભીરપુરા એજી | તિલકવાડા | ૭૫૬૭૭૪૬૭૨૯ | ૧૮.૦૪.૨૦૨૬ (શનિવાર) | ૦૮:૦૦ થી ૧૨:૦૦ |
| ૫૧ | ૬૬ કેવી ભચરવાડા | ૧૧ કેવી ઘાંટા જેજીવાય | રાજપીપલા-૨ | ૭૫૬૭૭૪૯૮૦૬ | ૧૮.૦૪.૨૦૨૬ (શનિવાર) | ૦૮:૦૦ થી ૧૨:૦૦ |

નોંધઃ કામ પૂર્ણ થયા પછી કે પહેલા, વધુ કોઈ પણ જાતની નોટીસ કે જાણ કાર્ય સિવાય વીજપુરવઠો ચાલુ કરી દેવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધલેવા વિનંતી છે.

કાર્યપાલક ઇજનેર (સં. અને નિ.), દ.ગુ.વી.કં.લિ, વિભાગીય કચેરી, રાજપીપળા

એમ.સી.બી./ ઈ.એલ.સી.બી./ આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચોઅને વીજ અકસ્માતો ટાળો